પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૧૨ | ૧૧ ઓકટોબર, ૨૦૧૭, બુધવાર ; આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કેલિફોર્નિયાના જંગલમાં આગ



અમેરિકાના કેલિફોર્નિયાના જંગલોમાં અત્યાર સુધીની સૌથી ભીષણ આગ લાગી છે. જેમાં અત્યાર સુધી ૧૦ના મૃત્યુ થયા છે. અહીં કટોકટી જાહેર કરાઈ છે.

### ઉત્તરપ્રદેશમાં ગેસ ગળતર

ઉત્તરપ્રદેશના શામલી જિલ્લામાં આવેલ એક સુગર મિલની ડિસ્ટલરી યુનિટમાં બાયોગેસ પ્લાન્ટમાં ગેસ ગળતર થયુ હતુ. નજીકમાં જ આવેલી એક શાળાના ૨૫૦ જેટલા બાળકોને ગેસ ગળતરની અસર થતાં તેઓને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

### સરયુના કિનારે ભગવાન રામની પ્રતિમા

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્ય નાથે જાહેરાત કરી હતી કે સરયુ નદીના કિનારે ભગવાન રામચંદ્રની ૧૦૦ મીટર ઉંચી પ્રતિમા મુકાશે. આ અંગેની કામગીરી એકાદ મહિનામાં જ આરંભાશે.

# રાજ્ય સરકારની દિવાળીની ભેટ

## પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ઘટાડો : વેટમાં ૪ ટકાનો ઘટાડો : ગુજરાતમાં પેટ્રોલના ભાવ પ્રતિલીટર ૨.૯૩ ઘટીને ૬૭.૫૩ રૂપિયા અને ડીઝલના ભાવ ઘટી હવે ૬૦.૭૭ : ૨૩૧૬ કરોડનો સરકાર પર જંગી બોજ

અમદાવાદ,તા. ૧૦

મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને મોટી રાહત મળે તેવા એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત સરકારે આજે પેટ્રોલ અને ડિઝલ પર વેટમાં ચાર ટકાના ઘટાડાની જાહેરાત કરી હતી. આની સાથે જ ગુજરાત સમગ્ર ભારતમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વેટને ઘટાડનાર પ્રથમ રાજ્ય બની ગયુ છે. પેટ્રોલ ડીઝલની કિંમતોમાં મોટી રાહત મળી ગઈ છે. રાજ્ય સરકારની છ કરોડ ગુજરાતીઓને દિવાળીની મોટી ભેંટ સરકારે આપી દીધી છે. ગુજરાતમાં પેટ્રોલના ભાવ પ્રતિલીટર ૨.૯૩ ઘટીને હવે ૬૭.૫૩ થયા છે. અને ડીઝલના ભાવ ૨.૭૨ રૂપિયા ઘટીને પ્રતિલીટર ૬૦.૭૭ થયા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની લોકહિતની જાહેરાત કરવામાં આવી છે. છ કરોડ ગુજરાતી

● અનુસંધાન પાન-૭ પર

## વેટમાં ઘટાડા પાછળનો સ્વાર્થ પ્રજા જાણે છે : કોંગ્રેસ

### અત્યારસુધી વેટના નામે વર્ષો સુધી ભાજપે લૂંટ ચલાવી : શકિતસિંહ ગોહિલ

અમદાવાદ,તા. ૧૦

ગુજરાત સરકાર દ્વારા પેટ્રોલ-ડિઝલ પરના વેટમાં ચાર ટકાનો ઘટાડો કરી પેટ્રોલ-ડિઝલના ભાવોમાં ઘટાડો કરી પ્રજાજનોને દિવાળીને ભેટ આપવાનો જે પ્રયાસ કર્યો તેને આકરા શબ્દોમાં વખોડી કાઢતા ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે અને બાજી હાથમાંથી સરકી જતી જોઈને ભાજપે મતદારોને રીઝવવા પેટ્રોલ-ડિઝલના વેટ પર ઘટાડો કર્યો છે પરંતુ ભાજપે એ સમજી લેવું જોઈએ કે, ગુજરાતની જનતા ભોળી જરૂર છે પરંતુ ભાજપ તેમને મૂર્ખ નહી બનાવી શકે. આટલા વર્ષો સુધી ભાજપ સરકારે ચલાવેલી ઉઘાડી લૂંટ પ્રજા ભૂલવાની નથી, ચૂંટણીમાં તેનો જવાબ ગુજરાતની જનતા ચોકક્સ ભાજપને આપશે. ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપે અત્યારસુધી કેમ પેટ્રોલ-ડિઝલના વેટમાં ઘટાડો ના કર્યો હતો અને હવે ચૂંટણી નજીક આવી ગઈ છે અને જયારે પ્રજામાં ભાજપ વિરોધી ગુંજ સંભળાઈ રહી છે ત્યારે અચાનક વેટમાં ઘટાડો કરી મતદારોને

● અનુસંધાન પાન-૭ પર

# ત્રાસવાદીઓને મળતા ફંડ પર અંકુશ આવ્યો : રાજનાથ

## એનઆઈએના હેડક્વાર્ટર્સનું ઉદ્‌ઘાટન : એનઆઈએ દ્વારા ત્રાસવાદીઓની કમર તોડી દેવાઈ : એનઆઈએ દ્વારા હાલમાં ૧૬૬ કેસોમાં તપાસ થઇ રહી છે : રાજનાથ

નવીદિલ્હી, તા.૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે આજે દાવો કર્યો હતો કે, નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા ત્રાસવાદી સંગઠનોના ફંડ પ્રવાહ ઉપર બ્રેક મુકી દીધી છે જેના કારણે ત્રાસવાદીઓની કમર તુટી ગઈ છે. કાશ્મીરમાં અંધાધૂંધી ફેલાવવા માટે પડોશી દેશમાંથી આવતા ફંડ ઉપર હવે બ્રેક મુકી દેવામાં આવી છે જેના લીધે આતંકવાદીઓ અને અલગતાવાદી સંગઠનોના નૈતિક જુસ્સાઓ ભાંગી પડ્યા છે. દિલ્હીમાં એનઆઈએના હેડક્વાર્ટરનું ઉદ્‌ઘાટન કર્યા બાદ રાજનાથસિંહે આ મુજબની વાત કરી હતી. દેશમાં આતંકવાદી કેસોમાં તપાસ કરવા માટે વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલા બાદ એનઆઈએની રચના કરવામાં આવી હતી. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, હાઈક્વોલિટીના બોગસ નોટ ત્રાસવાદીઓ માટે ઓક્સિજન તરીકે

● અનુસંધાન પાન-૭ પર

## આઈએએફમાં ગેપને ટુંક સમયમાં ભરાશેઃ રક્ષામંત્રી

નવીદિલ્હી, તા.૧૦

સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામને આજે કહ્યું હતું કે, છેલ્લા દશકમાં નિર્ણય નહીં લેવાના કારણે ઈન્ડિયન એરફોર્સમાં ગેપની સ્થિતિ છે. આ ગેપને ફરવા માટે સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. તેમણે ખાતરી આપી હતી કે, ઈન્ડિયન એરફોર્સમાં ખાલી જગ્યાઓને ટૂંકમાં ભરી દેવામાં આવશે. આઈએએફ કમાન્ડરોની દ્વિવાર્ષિક કોન્ફરન્સને સંબોધતા સંરક્ષણમંત્રીએ કહ્યું હતું કે, સર્વિસ વડાઓને આપવામાં આવેલી સત્તાઓનો સંપૂર્ણપણે ઉપયોગ થવો જોઈએ. ફોર્સની જરૂરી જરૂરિયાતોને પૂર્ણ કરવાના પ્રયાસો થવા જોઈએ.



















ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧